

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઝડપથી થયા પસાર, ધારામાં ભેદ છે!*
*ઠેર ઠેર તાપણાં ગોળીબારનો ખેદ છે!*
*છેદ વિશ્વાસમાં પ્રજામાં ભાંગ્યો ભાઈચારો -*
*મોઢે છે તાળાં અને શાંતિ કર્ફ્યુમાં કેદ છે...*

### હાઈકુ

*નામ-અટક*
*લડે છે વ્યક્તિગત -*
*વિદ્વાન નેતા...*

*વિશાળ વ્હેલ -*
*કરે છબછબીયાં,*
*નાની કૂંડીમાં...*

### ચિંતન

*અરી: સુખમારાધ્ય: સુષતરમારાધ્યતે વિશેષજ્ઞ: ।*
*જ્ઞાનલવદુર્વિદગ્ધં બ્રહ્માપિ તં નરં ન રંજયતિ ॥*

ઉપરોક્ત શ્લોક આત્મબિંદુમાંથી લેવામાં આવેલ છે.
રાજી થાયે સરલતાથી જે માને ખુદને અજ્ઞાન,
રાજી થાય સરલ છે પ્રસન્ન કરવો જેમાં ભર્યું ખૂબ જ્ઞાન,
અલ્પજ્ઞાન છતાં જે માની બેઠો છે નિજ ને જ્ઞાની
દુષ્કર છે બ્રહ્માથી પણ મનાવવો અર્ધજ્ઞાની.

માણસ મનના વિવેકથી પોતાને 'અજ્ઞાન' સ્વીકારી લે છે તે સરળ સ્વભાવની વ્યક્તિ સદા ખૂશ રહે છે. ઘણાં બધાં ક્ષેત્રોમાં આપણે ખૂબ જ અજ્ઞાન છીએ.

જે અભિમાની પોતાને 'જ્ઞાની' સમજતો હોય તે મૂર્ખ છે એણે બ્રહ્મા આવીને 'સત્ય' સમજાવવા પ્રયત્ન કરે છતાં પણ તે પોતે બાંધેલી ગાંઠને છોડી નથી શકતો.

### સુવિચાર

- જેણે મધ લગાડેલું હોય તેવાને મધમાખી પણ ડંખતી નથી - **બર્મીઝ કહેવત**
- જીવનમાં લાચારી આવતાં જ આત્મગૌરવ ચાલ્યું જાય છે - **નીતિશાસ્ત્ર**
- 'જીવવું' કે 'મરવું' એવો જેણે નિશ્ચય કર્યો હોય તેને ભાગ્યે જ કોઈ જીતી શકે છે - **બ્રુક કોર્નિલ**
- જેમ આપણું ધ્યેય ઊંચું તેમ મહેનત વધુ,
  મોટા મહાન ધ્યેયની કિંમત પણ ઈશ્વર ઊંચી જ રાખે છે - **ઈમર્સન**
- જે ખુદાના બંદા (ભક્ત) પ્રત્યે દયાળુ છે ખુદા તેના માટે દયાળું છે - **કુરાન**
- જયારે માણસ 'સુવર્ણ' ને ભૂલી જશે ત્યારે 'સુવર્ણ યુગ' આવશે - **જેમ્સ સફીન**
- આજનું ઔષધ : ખીરા કાકડી રોજ સો ગ્રામ જમવામાં લેવાથી લાંબા ગાળે સાંધાના દર્દમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે ઋષિઓ હતા. એકનું નામ શૌનક અને બીજા હતા અભિપ્રતારી. બંને ઋષિઓ જ્ઞાની હતા. તેઓ વાયુદેવને પૂજનારા હતા. દરરોજ વાયુદેવને ભાવભીની અર્ધ્ય અર્પણ કરી પૂજાપાઠ કરતા. જમવા બેસતા પહેલાં તેઓ વાયુદેવને ભોજન અર્પણ કરતાં. એકવાર બંને થાળી પર બેઠા અને એક ભૂખ્યો માણસ આવ્યો. શૌનક ઋષિએ પૂછ્યું, 'કોણ છે તું ?' પેલાએ કહ્યું, 'બ્રહ્મચારી છું' શૌનકે પૂછ્યું, 'શા માટે આવ્યો છે ?' પેલાએ કહ્યું, 'ભિક્ષાર્થે.' અભિપ્રતારી ઋષિએ ક્રોધ કરતા કહ્યું, 'જા તને અહીંથી ભિક્ષા નહીં મળે.' બ્રહ્મચારીએ કહ્યું, 'જેવી આપની ઈચ્છા, પમ હું આપને કંઈક પૂછી શકું ?' અભિપ્રતારીએ કહ્યું, 'જલદી બોલ, જોતો નથી, અમે જમવા બેઠા છીએ?' બ્રહ્મચારી 'આપ કયા દેવતાનું પૂજન કરો છો.' ઋષિ 'અમે વાયુ દેવતાને પૂજીએ છીએ પણ એનાથી તારે શું?' બ્રહ્મચારી, 'તો તો આપ જમવા બેસતાં પહેલા વાયુદેવતાને ભોજન અર્પણ કરતા હશો, ખરું ને?' ઋષીએ કહ્યું, 'હા જી, વાયુદેવ સર્વવ્યાપી છે, તમારામાં જે વાયુ છે તે મારામાં પણ રહેલ છે. શું આ વાત સાચી કે ખોટી ?' શૌનક ઋષિએ કહ્યું, 'સાચી વાત' બંને ઋષિઓ બ્રહ્મચારીની માર્મિક વાત સમજી ગયા. વાયુ એટલે ઈશ્વર જે સર્વવ્યાપી છે. તેમણે તરત જ બ્રહ્મચારીને ભિક્ષા આપી વંદન કરી વિદાય આપી.

# બોરીસાગરને સાહિત્ય અકાદમીનું સમ્માન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય હાસ્યલેખક રતિલાલ બોરીસાગરને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું ઈનામ પ્રાપ્ત થાય છે, તે સમાચાર કોઈ પણ ગુજરાતીને આનંદદાયક જ લાગશે. ગુજરાતી સાહિત્યમાં હાસ્યધારા તો ઘણા જૂના સમયથી વહેતી રહે છે પરંતુ સાહિત્ય અને સૌંદર્યશાસ્ત્રના પંડિતોએ હાસ્યરસને ગૌણ રસ ગણી એની સતત ઉપેક્ષા કરી છે. જો કે જનસાધારણ માટે હાસ્ય-વ્યંગનું સાહિત્ય જ સૌથી વધારે લોકપ્રિય સાહિત્ય પ્રકારોમાં અગ્ર સ્થાને રહેતું આવ્યું છે. આપણી ભાષામાં કવિ દલપતરામની 'અંધેરી નગરી' જેવી કવિતા કે 'ભટ્ટનું ભોપાળું' જેવું નાટક, રમણલાલ નિલકંઠથી લઈ જયોતિન્દ્ર દવે, વિનોદ ભટ્ટ તારક મહેતા કે બકુલ ત્રિપાઠીની હાસ્યરચનાઓ, અશોક દવેનાં લખાણો કે નિરંજન ત્રિવેદી અને જગદીશ ત્રિવેદીની કૃતિઓ - કટારો જેવી પ્રચુર હાસ્ય સામગ્રીમાં રતિલાલ બોરીસાગરનું નર્મમર્મ - મરક મરક હાસ્ય જુદી જ ભાત પાડતું રહ્યું છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ સાથેના એમના સંનિષ્ઠ અનુબંધ ઉપરાંત પાઠ્યપુસ્તક મંડળના સંયોજક તરીકેની કામગીરી પણ નોંધપાત્ર રહી છે. રતિલાલ બોરીસાગર સારા હાસ્યલેખક છે એટલા જ ઉત્તમ વક્તા છે અને એથીય વધુ સારા માણસ છે. હાસ્ય સાહિત્યને કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ કદાચ પહેલી જ વાર પ્રમાણ્યું છે, એવું બોરીસાગરનું જ મંતવ્ય પણ આ તબક્કે ધ્યાનાર્હ છે. પ્રખર વિવેચક રમણલાલ જોશી તો હાસ્યલેખકને સાહિત્યકાર જ નહોતા માનતા. પરંતુ એમને એ વિધાન એમને મોંઘું પડી ગયું. તેઓ સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી હારી ગયા હતા જયારે બકુલ ત્રિપાઠી અને વિનોદ ભટ્ટ ચૂંટાઈ આવ્યા હતા!

રતિલાલ બોરીસાગરને 'વિદ્યાગુરુ' તરીકે નવાજતા એમને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સાવરકુંડામાં એમના નામનું વિદ્યાગુરુ ફાઉન્ડેશન બનાવ્યું છે અને આખી હોસ્પિટલ ચલાવે છે. બોરીસાગર રોજિંદી ઘટનાઓ અને સ્વાનુભવો પરથી હાસ્ય નીપજાવનારા મોટા ગજાના હાસ્યસર્જક છે. એન્જિયોગ્રાફીને તેઓ 'એન્જોયગ્રાફી' સ્વરુપે માણી શકે છે. 'મરક મરક' હાસ્યના આ સર્જકને સાહિત્ય અકાદમીએ એમના 'મોજમાં રેજો રે' હાસ્યનિબંધ સંગ્રહ માટે આ સન્માનથી નવાજીને ગુજરાતી હાસ્ય સાહિત્યની પ્રતિષ્ઠા કરી છે.


# અજાણી વાણી નરસૈયાંની!



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

નરસિંહ મહેતા (ઈ.સ. ૧૪૧૪-૧૪૮૦)માં સર્જનતા, કવિતા અને ભક્તિભાવના - ત્રણેય ઉત્તમ કક્ષાના હતા. અહીં એમના ઓછા જાણીતા હોય અને સરસ હોય; એવા પદો આપ્યાં છે :



- માગર્વ મૃત્યુ પરમાણ છે પ્રાણીને,
  લોભ કીધો તિહાં પ્રીત તૂટે.
- દુ:ખના ડુંગર રે મસ્તક મા હ:
  કે હરિ વિના હોળી હૈડા માંહ્ય
  વ્રેહના ભડકા રે, ઓધવ! જો
  બળવંતા! આવીને, ઝાલો બાંહ્ય
- અલ્પ સુખ સારું શું મૂઢ ફૂલ્યો
  શીશ પર કાળ રહ્યો દંત કરડે
  પામર ! પલકની ખબર તુજને
  મૂઢ ! શું જોઈ મૂછ મરડે ?
- દિવસ ચોદિશ ફરે, રાતે નિદ્રા
  સ્વપ્નમાં સાંભરે મોહમાયા.
  પલક પરવાર નહિ હરિને ભજ
  જયાં લગી જીવ - સંજોગ કાયા
- ઘરના કહે : 'મરતો નથી રે,
  તને બેસી રહેતાં શું થાય ?'
  દીકરા તો જૂજવા થયા રે,
  વહુઅરો દે છે ગાળ.
  દીકરીઓને જમાઈ લઈ ગયા રે,
  હવે ઘડપણના શા હાલ ?
- જાતી રહેશે જુવાની, તે પછી થાશે હાનિ,
  છાનામાના જમડા આવશે,લઈ જાશે તાણી.
- ધન જોબન તેરો આવે ને જાવે,
  છાયા બાદલ કી... આ જીવનો.
  મેડીને મહોલ તારા મંદિરિયા એ તો,
  માયા મતલબ કી હો રામ...
- હાડ જલે જેમ લાકડાં ને, બાલ જેમ ઘાસ જી,
  કંચનવર્ણી કાયા જલશે, કોઈ ન આવે પાસ જી.
- અનાથના નાથ ને વેચે આહીની નારી,
  શેરીએ શેરીએ સાદ પાડે : 'લ્યો કોઈ મુરારિ.'
- પટક માયા-પરિ, અટક ચરણે હરિ,
  વટકમા વાત સુણતા જ સાચી.
  આશનું ભવન આકાશ સુધી રચ્યું,
  મૂઢ ! જો, મૂળમાં ભીંત કાચી
- ધન તણું ધ્યાન તું અહર્નિસ આદરે,
  એ જ તારે છે અંતરાય મોટી.
  પાસે છે પિયુ, અલ્યા ! તેં નવ પરખિયો,
  હાથથી બાજી ગઈ,ગયો રે ખોટી...
- એ નથી એકલો, વિશ્વ થકી વેગળો,
  સર્વવ્યાપીક છે શક્તિ એની.
  અખિલ અનાદિ આનંદમય કૃષ્ણજી,
  સુંદરી રાધિકા ભક્તી તેની.
- મૌન બેસી રહો, સુખદુ:ખ સહો,
  કીધેલું કર્મ તે, ભાગ્ય - ચોંટ્યું.

વિ.સ. ૧૪૭૦ના માગશર માસમાં આ ભક્ત કવિનો જન્મ છે. આ એક સુયોગ છે -

ભગવતગીતામાં શ્રીકૃષ્ણની ઉક્તિ છે - 'માસોમાં હું માગશર છું' ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત નરસિંહ મહેતા છે. એમનો જન્મ પણ માગશરમાં છે.

# ગુજરાતમાં સશસ્ત્ર ક્રાન્તિના પ્રણેતા કોણ હતા?

## ગુજરાતનો ઈતિહાસ



### ખજાનો

અનિલ પટેલ

૧ પાટણના ચાવડા વંશના શાસનનો અંત કોણે કર્યો ?
(અ) મૂળરાજ સોલંકી (બ) સિદ્ધરાજ જયસિંહે
(ક) યશોવર્મા (ડ) ભીમદેવે

૨ કર્ણદેવ વાઘેલાના મંત્રી માધવે ગુજરાત પર ચઢાઈ કરવા કોણે કહેણ મોકલ્યું ?
(અ) અહેમદ શાહને (બ) બાબરને
(ક) અલાઉદ્દીન ખિલજીને (ડ) મહમદ ઘોરીને

૩ જૂનાગઢ અને પાવાગઢ કયા સુલતાને જીત્યા હતા ?
(અ) અહમદ શાહે (બ) મહમૂદ બેગડાએ
(ક) અકબરે (ડ) કુત્તબુદીન શાહે

૪ મહમૂદ બેગડાએ મહેમદાબાદ અને બીજું કયું શહેર વસાવ્યું હતું ?
(અ) ચાંપાનેર (બ) ડભોઈ
(ક) હાલોલ (ડ) ખેડા

૫ અમીર ઈત્તિમાદખાન નામના વેપારીએ કયા બાદશાહને ગુજરાત પર ચઢાઈ કરવા કહેણ મોકલાવ્યું હતું ?
(અ) મહમૂદ બેગડાને (બ) અકબરને
(ક) મુઝફરશાહ બીજાને (ડ) અહમદ શાહને

૬ અંગ્રેજોને વેપાર કરવાની પરવાનગી કયા શાસકે આપી હતી ?
(અ) હુમાયુએ (બ) ઓરંગઝેબે
(ક) શાહજહાંએ (ડ) જહાંગીરે

૭ મોગલ શાસનકાળ દરમિયાન ગુજરાતનું કયું બંદર 'બાબુલ કા મક્કા' તરીકે જાણીતું હતું ?
(અ) સુરત (બ) ખંભાત
(ક) ભાવનગર (ડ) વેરાવળ

૮ કાંકરીયા તળાવ વચ્ચે આવેલી 'નગીના વાડી' કોણે બંધાવી હતી ?
(અ) અહમદ શાહે (બ) કુતુબુદીન શાહે
(ક) જહાંગીરે (ડ) હુમાયુએ

૯ અકબરે ગુજરાત પર ચઢાઈ કયારે કરી ?
(અ) ઈ.સ. ૧૫૬૫ (બ) ઈ.સ. ૧૫૭૦
(ક) ઈ.સ. ૧૫૭૨ (ડ) ઈ.સ. ૧૫૭૮

૧૦ અમદાવાદ શહેરમાં પગ મુકનાર પ્રથમ મોગલ બાદશાહ કોણ હતો ?
(અ) હુમાયુ (બ) શાહજહાં
(ક) જહાંગીર (ડ) ઔરંગઝેબ

૧૧ ગુજરાતમાં મરાઠા શાસનની શરુઆત કયારે થઈ ?
(અ) ઈ.સ. ૧૭૬૦ (બ) ઈ.સ. ૧૭૫૭
(ક) ઈ.સ. ૧૭૮૦ (ડ) ઈ.સ. ૧૭૮૫

૧૨ ગુજરાતમાં પેશવાઈ શાસનનો અંત કયારે આવ્યો ?
(અ) ઈ.સ.૧૮૧૮ (બ) ઈ.સ. ૧૮૨૬
(ક) ઈ.સ. ૧૮૪૫ (ડ) ઈ.સ. ૧૮૫૭

૧૩ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ ગુજરાતમાં કયું અખબાર ચલાવતા હતા ?
(અ) આવાજ (બ) કેસરી
(ક) નવજીવન (ડ) સ્વતંત્રતા

૧૪ ગુજરાતમાં સશસ્ત્ર ક્રાન્તિના પ્રણેતા કોણ હતા ?
(અ) વિનોભા ભાવો (બ) શ્યામજી કૃષ્ણવર્મા
(ક) શ્રી અરવિંદ ઘોષ (ડ) નરસિંહભાઈ પટેલ

૧૫ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ શામળદાસ કૉલેજ કયાં સ્થપાઈ ?
(અ) રાજકોટ (બ) ભાવનગર
(ક) જૂનાગઢ (ડ) જામનગર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૦ ડિસેમ્બર :**
  - 'કપ ઓફ ગોલ્ડ' નવલકથાના રચયિતા અમેરિકન સાહિત્યકાર જહોન સ્ટાઈન બેકનું નિધન (૧૯૬૮)
  - સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને લલિતકલાના નિષ્ણાંત ચૈતન્યપ્રસાદ દિવાનનો જન્મદિવસ (૧૮૯૮)
  - ઈન્ડિયન ગોલ્ફ યુનિયનની રચના કરવામાં આવી (૧૮૭૬)
  - સુનીલ કોઠારીનો જન્મદિવસ (૧૯૩૩)
- **૨૧ ડિસેમ્બર :**
  - ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. વિક્રમસાભાઈની પુણ્યતિથિ (૧૯૭૧)
  - નેપાળ બ્રિટનના સંરક્ષણમાંથી મુક્ત થઈ સ્વતંત્ર દેશ બન્યો (૧૯૨૩)
  - બોલીવુડના જાણીતા હિરો ગોવિંદાનો જન્મદિવસ (૧૯૬૩)
  - વન-ડે, ટેસ્ટના ઓપનીંગ બેટ્સમેન કે. શ્રીકાંતનો જન્મદિવસ (૧૯૫૯)
- **૨૨ ડિસેમ્બર :**
  - સ્વામી રામકૃષ્ણ પરમહંસના સહધર્મ ચારિણી શારદામણી દેવીનો જન્મદિવસ (૧૮૫૩)
  - નોબેલ પ્રાઈઝ વિજેતા સાહિત્યકાર સેમ્યુઅલ બકેટનું નિધન (૧૮૮૯)
  - ભારતની પ્રથમ માલગાડી ઉત્તરપ્રદેશના રૂરકીથી છાલી (૧૮૫૧)
  - અફઘાનિસ્તાનમાં હામિદ કરઝાઈના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની (૨૦૦૧)
- **૨૩ ડિસેમ્બર : કિસાન દિવસ**
  - પ્રખર રાજનીતિજ્ઞ અને બેરીસ્ટર રાસબિહારી ઘોષનો જન્મદિવસ (૧૮૪૫)
  - ભારતના ૧૦મા વડાપ્રધાન પી.વી. નરસિંહરાવની પુણ્યતિથિ (૨૦૦૪)
  - પેશ્યુરાઈઝેશનના શોધક લૂઈ પાશ્વરનો જન્મદિવસ (૧૮૮૨)
  - નેપાળ ગણતંત્ર રાજય બન્યું (૨૦૦૭)
- **૨૪ ડિસેમ્બર :**
  - સમાજ સુધારક અને સંવેદનશીલ સાહિત્યકાર સાનેગુરુજીનો જન્મદિવસ (૧૮૯૯)
  - બાલાભાઈ વી. દેસાઈ 'જયભિખ્ખુ'નું નિધન (૧૯૬૯)
  - વિશ્વનાથ આનંદ વિશ્વ ચેમ્પિયન બન્યા
  - નારાયણ મ. દેસાઈનો જન્મદિવસ
- **૨૫ ડિસેમ્બર :**
  - 'રાજાજી' ના નામથી જાણીતા ચક્રવર્તી રાજગોપાલાચારી, ભારતના પ્રથમ ગર્વનર જનરલનું નિધન (૧૯૭૨)
  - સમાજમાંથી કુરિવાજો અને અંધશ્રધ્ધા દુર કરવાનો પ્રયાસ કરનાર દુર્ગારામ મંછારામ દવેનો જન્મદિવસ (૧૮૦૯)
  - મહાન વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યૂટનનો જન્મદિવસ (૧૬૪૨)
  - ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘની પુણ્યતિથિ (૧૯૯૪)
- **૨૬ ડિસેમ્બર :**
  - હિન્દી સાહિત્યના શ્રેષ્ઠ સાહિત્યકાર યશપાલજીનું નિધન (૧૯૭૬)
  - અમદાવાદમાં જન્મેલી મોડેલ અને એક્ટ્રેસ કરિશ્મા મોદીનો જન્મદિવસ (૧૯૮૦)
  - એમ.એમ. રેડિયોને પેટન્ટ મળી (૧૯૩૩)
  - મુરલીધર આમ્ટે (બાબા આમ્પ્ટે) નો જન્મદિવસ (૧૯૧૪)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનું વતન કયું શહેર છે ? જવાબ : નડિયાદ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૨) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૩) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મહેશ જાદવ : રાયસણ (૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**તાજેતરમાં કઈ યુનિવર્સિટીમાં પોલીસ દમન થતાં વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સંગીતના શાયરાના અને સૂફિયાના માહોલનો મસ્ત કાર્યક્રમ 'આપણું મળવું ગઝલ કહેવાય છે' : ચુનંદી ગુજરાતી - હિન્દી ગઝલોની ચુનંદા કલાકારો દ્વારા યાદગાર પ્રસ્તુતિ

## અભિનંદન-શિવરંજની - અભિનંદન સુરીલી સરમગ - સલીલ મહેતા



### ટહૂકાર

પ્રકાશ લાલા

પ્રેમની નજાકતની, વિરહને વેદનાની કાવ્યમય અભિવ્યક્તિ એટલે ગઝલ. ગઝલ વાંચવી ગમે, એનું પઠન સાંભળવું ગમે અને જો સંગીતે મઢી ગઝલોની કસાયેલા ને કેળવાયેલા, મધુરા કંઠના માલિકો પાસેથી એની પ્રસ્તુતિ માણવા મળે તો તો મોજે દરિયા જ...

ને જાણે વગરના ગઝલપ્રેમીઓ - સંગીતપ્રેમીઓને આવી જ મોજ કરાવવા માટે જ 'શિવરંજની' એ રજૂ કર્યો ફક્ત ને ફક્ત ગઝલોને ચંદ સૂફી રચનાઓનો સંગીતસભર કાર્યક્રમ 'આપણું મળવું ગઝલ કહેવાય છે.'

તા.૧૪મી ને શનિવારે ગુલાબી ગુલાબી ઠંડીના વાતાવરણમાં, ટાઉનહોલના તખ્તેથી પ્રસ્તુત થયેલી કંઈ કેટલીય ગુજરાતી અને હિંદી ગઝલોની પ્રસ્તુતિએ જે આનંદઉષ્માનો અનુભવ કરાવ્યો તે અલગ જ હતો ને એની વાતોથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહેવાની ખોટ નહીં પૂરી શકાય.

ભારતીય સંગીતના જતન અને સંવર્ધન માટે પ્રયત્નશીલ - કાર્યશીલ, નગરના સંગીત રસિયાઓની માનીતી, જૂની ને જાણીતી સંસ્થા 'શિવરંજની' પ્રયોજેલો 'સૂરીલી સરગમ - સલીલ મહેતા' પ્રસ્તુત 'આપણું મળવું ગઝલ કહેવાય છે' ની વિશિષ્ઠતા હતી ગુજરાતી - હિન્દી લોકભોગ્ય ગઝલોને સુફી રચનાઓની પ્રશંસનીય પસંદગી, કલ્યાણી કોઠાળકર, નયન પંચોલી, દિવ્યાંગ અંજારિયા જેવા નીવડેલા ને ગુજરાતના પ્રથમ પંક્તિના ગાયકો અને ભાઈ અર્ચિત પાટડિયા તેમજ સુશ્રી નમ્રતા કાંટાવાળા જેવા ઉભરતા પણ જબરજસ્ત આશાસ્પદ ગાયકો એન્ડ એબાઉ ઑલ 'મનોરંજનના મહારથી' ને 'શબ્દોના સારથિ' એવા કવિ ડૉ. રઈશ મણિયારનું સંગીતમય સંચાલન....

બહેન કલ્યાણીના મીઠા-ઘૂંટાયેલા સ્વરોમાં 'વક્તુંડ મહાકાય, સૂર્ય કોટિ સમપ્રભ...' ગણેશ વંદના ને 'પૂર્ણ ઈદમ...' શ્લોક ગાનની સાથે ધીરે ધીરે પડદો ઉઘડે છે, ધીરે ધીરે રંગમંચ પ્રકાશિત થાય છે ને ત્યારે સ્વરોથી પ્રભાવિત થઈ રહેલા પ્રેક્ષકોને દરબારી ઠાઠ જેવો, ઝુમ્મર હાંડીઓથી ઝળાહળા ને ઊંચા ફલાવર વાઝ ને એવા જ ગઝલના માહોલને અનુરુપ અસલાલથી શોભતી રંગમંચ સજાવટ દશ્યમાન થાય છે અને હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠે છે...

'જબ આંચલ રાતકા લહેરાયે ઔર સારા આલમ સો જાયે, તબ મુજસે મિલને શમા જલાકર તુમ તાજમહલ મેં આ જાના....' વિતેલા દિવસોની સંગીત બેલડી રાજેન્દ્ર અને નીના મજમુદારે ગાયેલી આ સુંદર શબ્દોવાળી આ ગઝલ વર્ષો પછી સાંભળવા મળી અને તે પણ નયનભાઈ પંચોલી અને કલ્યાણીબેનના ભાવવાહી મીઠા સ્વરોમાં તે એક લહાવો હતો.... ને આ ગઝલની રજૂઆત પૂર્વ સંચાલક શ્રી રઈશભાઈએ કહ્યું આ પ્રસ્તુતિના ગાયક કલાકારોનો પરિચય પછી આપીશ પહેલા એમનો પરચો જોઈએ... બસ, એમ જ આ બંને કલાકારોએ એમની ગાયિકીની કમાલનો પરચો બતાવવાની સાથે સાથે ગઝલ મઢી એ સુરીલી સાંજને સજાવી પણ દીધી...

કાર્યક્રમના આવા સુંદર આરંભ પછી 'બેક ટુ બેક' આવ્યા એવા જ સિદ્ધહસ્ત અને આપણા સૌના અતિ પરિચિત કલાકાર ભાઈ દિવ્યાંગ અંજારિયા લઈને ખૂબ લોકપ્રિય બનેલી ગુજરાતી ગઝલોનો ગુલદસ્તો... એ હતી 'જયારે પ્રણયની જગમાં શરુઆત થઈ હશે ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે...', 'હું કયાં કહું છું આપની હા હોવી જોઈએ પણ ના કરો છો તેમાં વ્યથા હોવી જોઈએ' અને 'થાય સરખામણી તો ઉતરતાં છીએ ને છતાં આબરૂને દીપાવી દીધી એમના મહેલને રોશની આપણા, ઝૂંપડીને પણ અમારી જલાવી દીધી...'માં દિવ્યાંગજી (તાજેતરમાં જ હાર્ટની તકલીફ થઈને સ્ટેન્ડ મૂકાવ્યું છે છતાંય) ખૂબ ખિલ્યા ને પ્રત્યેક ગઝલને પ્રેક્ષકોએ ભરપૂર માણીને તાળીઓથી વધાવી લીધી હતી... ઓ એના પછી 'આવ્યો છે જમાનો ફૂલોનો, આવી છે જવાની ફૂલોની...' માં નયનભાઈ પંચોલી એમના પોતે સ્વરબદ્ધ કરેલી આ ગઝલમાં ભારે જમાવટ કરી અને તાજગીભર્યા રાગ દરબારીમાં આ સ્વરાંકનમાં તબલા ફલ્યૂટની જુગલબંધી પણ ઓડિયન્સને ખુશ કરી દીધું.

'દિલમાં કોઈની યાદનાં પગલાં રહી ગયાં, ઝાકળ ઉડી ગયું ને ડાઘા રહી ગયા...' રાગ આયૂકેશીમાં સ્વરબદ્ધ કરાયેલી આ ગઝલ બખૂબીથી રજૂ કરી,જેના કંઠમાં ગુજરાતી ગીત - સંગીતનો કોઠાર ભર્યો છે (સંચાલક કવિ રઈશ મણિયારની મસ્ત કોમેન્ટ) એવા કલ્યાણી કોઠાળકરે ને ત્યારબાદ તેમને એવી જ મસ્તીથી પ્રસ્તુત કરી, મૂળ જગજીતસિંહે ગાયેલી રચના

'અલ્લાહ... અલ્લાહ... ઓ દર્દ સે મેરા દામન ભર રે યા અલ્લાહ, ફિર ચાહે દિવાના કર કર દે યા અલ્લાહ...'

ધીરે ધીરે, સંચાલક કવિ રઈશ મણિયારે કહ્યા મુજબ સમગ્ર હોલનું ગઝલોનું માહોલમાં રૂપાંતર થઈ રહ્યું હતું ત્યારે એમણે પ્રારંભે જ કહ્યા પ્રમાણે તાલ-ગીત-લયના બંધન સિવાય કોઈ બંધન ન હતું ત્યારે કાર્યક્રમને શાયરાનામાંથી સૂફિયાના માહોલમાં લઈ જવા સૂફી રચનાઓનો દૌર શરૂ કરાયો... બે જાણીતા સૂફી ગીતો 'તેરે નામ સે જી લુ તેરે નામ સે મર જાઉં.... તુને કયા કર ડાલા... મર ગઈ મેં મીટ ગઈ મેં હો ગઈ મેં તેરી

અનુસંધાન પાના નં ૭ પર